ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

International Year of Cooperatives 2025

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

Accredited by NABARD, C-PEC (BIRD), Lucknow as Centre for Professional Excellence in Cooperatives.

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડૉ. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 73 ▪ અંક : 18 ▪ તારીખ : 20, ડિસેમ્બર, 2025 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## પ્રાકૃતિક ખેતીને સહકારના વિઝન સાથે જોડીને ગ્રામીણ અર્થતંત્રને નવી દિશા આપવી જોઈએ : શ્રી નરેન્દ્રભાઈ મોદી

કોઈમ્બતુર : વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોઈમ્બતુર ખાતે આયોજિત સાઉથ ઈન્ડિયા નેચરલ ફાર્મિંગ સમિટ – 2025માં હાજરી આપીને પ્રાકૃતિક ખેતીના ભવિષ્ય અંગેનો તેમનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક ખેતી એ માત્ર ખેતીની પદ્ધતિ નથી, પરંતુ તે ભારતના ટકાઉ વિકાસ, જમીનનું સ્વાસ્થ્ય અને ખેડૂતોની આત્મનિર્ભરતા માટેનો સશક્ત માર્ગ છે.

વડાપ્રધાનશ્રીએ તમિલનાડુના વિવિધ પૃષ્ઠભૂમિ ધરાવતા ખેડૂતો અને કૃષિ-ઉદ્યોગસાહસિકો સાથે વાર્તાલાપ કર્યો હતો. આ વાતચીતમાંથી પ્રેરણા મેળવીને તેમણે જણાવ્યું કે, વૈજ્ઞાનિકો, FPO નેતાઓ અને કોર્પોરેટ કારકિર્દી છોડીને મૂળ તરફ પાછા ફરેલા યુવાનોની પ્રાકૃતિક ખેતી પ્રત્યેની પ્રતિબદ્ધતા પરિવર્તનની માનસિકતા દર્શાવે છે. તેમણે 10 એકરમાં બહુ-સ્તરીય ખેતી કરતા અને 400 પશુધનનું સંચાલન કરતા ખેડૂતો, દેશી ચોખાની જાતોનું સંરક્ષણ કરતા ખેડૂતો, તેમજ સીવીડ-આધારિત બાયોફર્ટિલાઈઝર ઉદ્યોગ સ્થાપિત કરનારા બાયોટેકનોલોજી પ્રોફેશનલ્સના પ્રયાસોને બિરદાવ્યા હતા.

સહકાર થી સમૃદ્ધિના વિઝનને સ્પષ્ટ કરતાં વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક ખેતીના મહત્ત્વને રાષ્ટ્રીય નીતિઓ સાથે જોડતાં કહ્યું કે, સરકાર દ્વારા શરૂ કરાયેલ રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન દ્વારા લાખો ખેડૂતો ટકાઉ પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. અને તેમને પ્રાકૃતિ ખેતી દ્વાર ખર્ચમાં ઘટાડો થયો છે.



પંચગવ્ય, જીવામૃત, બીજામૃત અને મલ્ચિંગનો ઉપયોગ કરીને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતા અને ઈનપુટ ખર્ચ ઘટે છે. આ પદ્ધતિઓથી જમીનનું સ્વાસ્થ્ય, જમીનની ફળદ્રુપતા અને ભેજ જાળવીને લાંબા ગાળાની ટકાઉપણું સુનિશ્ચિત કરે છે.અને જળવાયુ પરિવર્તન સામે રક્ષણ કરી અનિયમિત હવામાન સામે પાકને શક્તિ પ્રદાન કરે છે. શ્રી અન્ન પ્રાકૃતિક ખેતી મિલેટ્સના ઉત્પાદનને વેગ આપે છે.

વડાપ્રધાન શ્રી મોદીએ ખેડૂતોને 'એક એકર, એક સિઝન'ના મંત્ર સાથે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા માટે આહ્‌વાન કર્યું હતું, જેથી નાના પ્લોટના પરિણામોથી આત્મવિશ્વાસ વધારી શકાય. તેમણે FPO (ખેડૂત ઉત્પાદક સંગઠનો) ને સામૂહિક સશક્તીકરણ માટે મજબૂત પ્લેટફોર્મ ગણાવ્યા અને ખેડૂતોને આ સંગઠનો સાથે જોડાવા અથવા આ ક્ષેત્રમાં સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

વડાપ્રધાનશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે સહકારથી સમૃદ્ધિના મંત્ર દ્વારા ભારતનું કૃષિ ક્ષેત્ર વધુ ઉત્પાદક અને ટકાઉ બની રહેશે.

## દેશના સેવા ક્ષેત્રએ નવી 4 કરોડ નોકરીમાં વધારો કર્યો : રિસર્ચ

નવી દિલ્હી : દેશનું સેવા ક્ષેત્ર દેશમાં સર્વાધિક રોજગારી આપવામાં અવ્વલ રહ્યું છે, જેમાં તેનો રોજગારના હિસ્સો વર્ષ 2011-12ના 26.9%થી વધીને વર્ષ 2023-24માં 29.7% રહ્યો હતો. નીતિ આયોગ રિપોર્ટ અનુસાર દેશનું સર્વિસ સેક્ટર વિકસિત દેશ તરીકે દેશની વિકાસને વધારી રહ્યું છે. સેવા ક્ષેત્રનો રોજગારમાં હિસ્સો 26.9%થી વધીને વર્ષ 2023-24માં 29.7% રહ્યો છે. આ સેક્ટરે છેલ્લા છ વર્ષમાં 4 કરોડ નવી નોકરી ઉમેરી છે, જે સાથે સર્વિસ સેક્ટરમાં કુલ રોજગાર 188 મિલિયન રહ્યું છે, જે કુલ વર્કફોર્સના 30% છે. વેપાર, સમારકામ અને પરિવહન જેવી પરંપરાગત સેવાઓ રોજગાર પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે ફાઈનાન્સ, આઈટી અને વ્યાવસાયિક વ્યવસાય સેવાઓ જેવી આધુનિક સેવાઓ ભવિષ્યમાં રોજગાર સર્જન માટે સૌથી મજબૂત સંભાવના દર્શાવે છે, જે વધુ સારા વેતન અને વૈશ્વિક જોડાણો દ્વારા સંચાલિત છે.

### કેન્દ્ર સરકારે 'સહકાર સે સમૃદ્ધિ' યોજના હેઠળ સહકારી સશક્તીકરણને વેગ આપ્યો

## આધુનિક, ડિજિટલી સક્ષમ અને નાણાકીય રીતે સ્થિતિસ્થાપક સહકારી માળખા દ્વારા વ્યાપક ગ્રામીણ સમૃદ્ધિનો પાયો નાખ્યો છે

નવી દિલ્હી : ભારત સરકારે પ્રધાનમંત્રી સહકાર સે સમૃદ્ધિ યોજના હેઠળ દેશના સહકારી અર્થતંત્રને મજબૂત બનાવવાના પ્રયાસોને નોંધપાત્ર રીતે વિસ્તૃત કર્યા છે, જેમાં આગામી પાંચ વર્ષમાં દરેક પંચાયત અને ગામમાં બહુહેતુક સહકારી સંસ્થાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ અનુસાર, 15 નવેમ્બર, 2025 સુધીમાં 30,083 નવા PACS, ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓ નોંધાયેલી છે, અને 15,793 ડેરી અને મત્સ્યઉદ્યોગ મંડળીઓને મજબૂત બનાવવામાં આવી છે. આ નવી રચાયેલી સહકારી સંસ્થાઓને ટકાઉ અને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે ક્ષમતા-નિર્માણ, ડિજિટલાઈઝેશન, નાણાકીય જેવી વિશિષ્ટ સવલતો દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે.

તાલીમ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સહકારી તાલીમ પરિષદ અને નાબાર્ડે નવા PACS ના સભ્યો, સચિવો અને બોર્ડપ્રતિનિધિઓ માટે વ્યાપક કાર્યક્રમો હાથ ધર્યા છે. PACS કોમ્પ્યુટરાઈઝેશન પ્રોજેક્ટ હેઠળ, સહકારી સંસ્થાઓને એકીકૃત ERP-આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર અપનાવવા માટે સજ્જ કરવામાં આવી રહી છે, જે એકાઉન્ટિંગને પ્રમાણિત કરે છે, સમયસરના ડેટા ઉપલબ્ધતા સુનિશ્ચિત કરે છે અને વહીવટી પારદર્શિતાને વધારે છે.

સહાયક પગલાંમાં ERP ઉપયોગની તાલીમ, વેબિનાર, હેલ્પલાઈન અને પ્રાદેશિક ભાષાઓમાં માર્ગદર્શિકાઓનો સમાવેશ થાય છે. ડેરી સહકારી સંસ્થાઓને NDDB તરફથી સંવર્ધન, ખોરાક, કોલ્ડ-ચેઈન વિકાસ અને ડિજિટલ સાધનો જેવા ક્ષેત્રોમાં સહાય મળી રહી છે,



જ્યારે મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓને રાષ્ટ્રીય મત્સ્ય વિકાસ બોર્ડ દ્વારા તાલીમ, બાયોફ્લોક અપનાવવા, કેર્જ સંસ્કૃતિ અને માળખાગત અનુદાન દ્વારા સમર્થન આપવામાં આવી રહ્યું છે.

PM મત્સ્ય સંપદા યોજના હેઠળ, NFDB 6,000 નવી મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓ બનાવવાનું કામ કરી રહ્યું છે, જેમાં 1,225 પહેલાથી જ 34 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રત્યેકને રૂ. 3 લાખની ગ્રાન્ટ પ્રાપ્ત કરી રહી છે.

સહકારી ક્ષેત્રનું ડિજિટલ પરિવર્તન મંત્રાલયના સુધારાનો મુખ્ય આધારસ્તંભ છે. PACS ને એકીકૃત રાષ્ટ્રીય ERP પ્લેટફોર્મ પર સંપૂર્ણપણે સંકલિત કરવામાં આવી રહ્યું છે, જેમાં સભ્યપદ, ક્રેડિટ, ડિપોઝિટ, પ્રાપ્તિ, વેરહાઉસિંગ, PDS, રોકાણો, શાસન અને ઓડિટને આવરી લેતા 22 ઓપરેશનલ મોડ્યુલો છે.

જેનાથી લોન વિતરણમાં સુધારો થાય છે, વ્યવહાર ખર્ચમાં ઘટાડો થાય છે અને જિલ્લા અને રાજ્ય સહકારી બેંકો સાથે સરળ સંકલન સુનિશ્ચિત થાય છે. આની સાથે જ, ARDBs, RCS ઓફિસો અને બહુ-રાજ્ય સહકારી રજિસ્ટ્રાર સિસ્ટમ્સનું કોમ્પ્યુટરાઈઝેશન પેપરલેસ અને પારદર્શક પ્રક્રિયાઓને સક્ષમ બનાવી રહ્યું છે.

RBI દ્વારા સહકાર સારથીની સ્થાપના ગ્રામીણ સહકારી બેંકો માટે ઓડિટ અને નાણાકીય વ્યવસ્થાપનને વધારે છે, જ્યારે RBI સંકલિત લોકપાલ યોજના ગ્રાહક

અનુસંધાન પાના નંબર : 2

### આગામી પાંચ વર્ષમાં દરેક પંચાયત-ગામમાં બહુહેતુક સહકારી સંસ્થાઓ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું

### ઈન્ડિયન સોસાયટી ફોર સ્ટડીઝ ઈન કો-ઓપરેશન, પૂના, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને વૈકુંઠભાઈ મહેતા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, પૂનાના સંયુક્ત ઉપક્રમે 40મી વાર્ષિક રાષ્ટ્રિય રિસર્ચ કોન્ફરન્સ

## સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ પણ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસ માટે સહકારી મોડેલના મહત્વને સ્વીકાર્યું છે – શ્રી ઘનશ્યામભાઈ અમીન









ભાવનગર : ઈન્ડિયન સોસાયટી ફોર સ્ટડીઝ ઈન કો-ઓપરેશન, પૂના, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ, અને વૈકુંઠભાઈ મહેતા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કો-ઓપરેટિવ મેનેજમેન્ટ, પૂનાના સંયુક્ત ઉપક્રમે 40મી વાર્ષિક રાષ્ટ્રિય રિસર્ચ કોન્ફરન્સ, "કો-ઓપરેટિવ બિલ્ડ ધ બેટર વર્લ્ડઃ સમાવિષ્ટ અને ટકાઉ વિકાસ માટે નવીનતા અને AI" વિષય વસ્તુ નિર્ધારિત કરી તા. 12-12 -2025 અને તા. 13 -12 -2025 ભાવનગરમાં શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નારી મૂકામે યોજવામાં આવી હતી. તેનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ તારીખ 12-12-2025ના રોજ રાષ્ટ્રિય સહકારી આગેવાન, ઈન્ડિયન સોસાયટી ફોર સ્ટડીઝ ઈન કો-ઓપરેશન, પૂનાના ચેરમેન અને રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીનના પ્રમુખ સ્થાને યોજવામાં આવ્યો હતો. જેમાં ઉદ્‌ઘાટક સ્થાને ભાવનગરના પૂર્વ સાંસદ શ્રી રાજેન્દ્રસિંહ રાણા, ભાવનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ પનોત, રાજ્ય સહકારી સંઘના ઉપાધ્યક્ષશ્રી રવિન્દ્રસિંહ રણા, રાજ્ય સહકારી સંઘના માનદ્‌મંત્રીશ્રી અરવિંદભાઈ તાગડીયા, રાજ્ય સહકારી સંઘના ડિરેક્ટર અને મહિલા સમિતિના ચેરપર્સન અને ભાવનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી ભાવનાબેન જાડેજા, નાબાર્ડના જનરલ મેનેજરશ્રી સૌમેન્દ્રસિંગ, એનસીયુઆઈના ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવશ્રી સાવિત્રી સિંઘ, આઈ.એસ.એસ.સીના સેક્રેટરીશ્રી અનિલ કરંજકર અને રાજ્યના સહકારી આગેવાનો, દેશના વિવિધ રાજ્યોમાંથી આવેલ રિસર્ચ સ્કોલર પ્રતિનિધિઓ અને રાજ્યની વિવિધ કૉલેજોમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન એક પેડ માકે નામ અંતર્ગત વૃક્ષમાં પાણી પિવડાવી કરી પૂર્વ સાંસદશ્રી રાજેન્દ્રસિંહ રાણાએ એકવીસમી સદીના આવેલ પરિવર્તનને સમજાવી ન્યૂ વર્લ્ડ ઓડરમાં સહકારી પ્રવૃત્તિનું સ્થાન ક્યા રહેશે તે અંગે માહિતી અને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, જીયો પોલિટિકલ વર્લ્ડ, ક્લાઈમેન્ટ ચેન્જ અને ટેક્નોલોજીની અસરથી સમગ્ર વિશ્વની પરિસ્થિતિ બદલાઈ રહી છે. ત્યારે વિદ્યાર્થીઓએ પોતાના ભવિષ્ય પર નજર રાખી આગળ વધવું પડશે. સમગ્ર વિશ્વની પરિસ્થિતિ બદલાઈ રહી છે ત્યારે દશ વર્ષનું આગળનું વિચારવું પડશે. સમગ્ર માનવતાના અને દેશના ટકાઉ વિકાસ માટે સહકાર જ એક માત્ર રસ્તો છે. નવા વિશ્વ માટે કો-ઓપરેટિવ માઈન્ડ સેટ કેળવવું પડશે.

આઈ. એસ. એસ. સી., પૂના દ્વારા તૈયાર કરવામાં આવેલ સોવેનિયરનું વિમોચન કરી વૈશ્વિક કક્ષાએ વિકસતા અર્થતંત્રોમાં સહકારી સંસ્થાઓનું મહત્વ સમજાવતા આઈ.એસ.એસ.સી.,પૂના ના ચેરમેન અને રાજ્ય સંઘ અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ વિશ્વમાં વિવિધ દેશના ટકાઉ આર્થિક વિકાસમાં સહકારી મોડેલના મહત્વને સ્વીકાર્યું છે. 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ તરીકે જાહેર કર્યું છે. જે સહકારિતાના મહત્વને ઉજાગર કરે છે. અગાઉ યુનોએ 2012ના વર્ષને સહકારી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હતું. તે પહેલાં સને 2008થી 2010 દરમિયાન સમગ્ર વિશ્વ આર્થિક મંદીમાં સપડાઈ ગયું હતું. ત્યારે યુનોએ 2011માં આ મંદીના સર્વે માટે એક ટીમ બનાવેલી. આ ટીમે વિશ્વના તમામ આર્થિક સાહસોનો સર્વે કર્યા પછી તારણ કાઢ્યું કે, વિશ્વની મોટી મોટી પબ્લીક લિ. કંપનીઓ, પ્રાઈવેટ કંપનીઓ તથા સરકારી આર્થિક સાહસોનો આ મંદીના કારણે ગ્રોથ અટકી ગયો હતો. અને કેટલાંક તો નુકસાનીમાં આવી બંધ થવાની તૈયારીમાં હતા. આ સમયે યુનોને સહકારી ક્ષેત્રના આર્થિક સાહસોના અભ્યાસમાં જાણવા મળ્યું કે, સહકારી સાહસોએ તો ગ્રોથ કરી પ્રોફિટ

અનુસંધાન પાના નંબર : 2

## મોટા સહકારી ઋણધારકો માટે કડક કરન્ટ એકાઉન્ટ નિયમો નક્કી કરતી RBI

નવી દિલ્હી : ભારતીય રિઝર્વ બેંકે શહેરી સહકારી બેંકો અને ગ્રામીણ સહકારી બેંકોમાં ચાલુ ખાતા, રોકડ ધિરાણ અને ઓવરડ્રાફ્ટ સુવિધાઓ ચલાવવા માટે નોંધપાત્ર રીતે મજબૂત અને સમાન માળખું બહાર પાડ્યું છે, જે તાજેતરના વર્ષોમાં સહકારી ઋણધારકો માટે સૌથી વ્યાપક નિયમનકારી સુધારામાંનું એક છે.

11 ડિસેમ્બર, 2025 ના રોજ જાહેર કરાયેલ સુધારાઓ ફક્ત બે અઠવાડિયા પહેલા જારી કરાયેલા ક્રેડિટ રિસ્ક મેનેજમેન્ટ દિશાનિર્દેશોમાં ફેરફાર કરે છે અને મોટા ઋણધારકોમાં ક્રેડિટ શિસ્ત સુધારવાના હેતુથી એક્સપોઝર-આધારિત સિસ્ટમ રજૂ કરવામાં આવી છે.

અગાઉ, શહેરી સહકારી બેંકોને ચાલુ ખાતું ખોલતા પહેલા ફક્ત હાલની ક્રેડિટ સુવિધાઓ સંબંધિત મૂળભૂત ઘોષણાઓ અને જ્યારે જરૂર પડે ત્યારે, અન્ય ધિરાણકર્તા બેંકો પાસેથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ મેળવવાની જરૂર હતી. બીજી બાજુ, ગ્રામીણ સહકારી બેંકો પાસે 28 નવેમ્બરના માર્ગદર્શિકા હેઠળ ચાલુ અથવા ઓવરડ્રાફ્ટ ખાતાઓનું સંચાલન કરવા માટે કોઈ સમર્પિત જોગવાઈઓ નહોતી. અગાઉના ધોરણો પણ દેવાદારો સાથે તેમના ઉધારના સ્કેલ અથવા નાણાકીય પ્રણાલીમાં તેઓએ રજૂ કરેલા જોખમોને ધ્યાનમાં લીધા વિના સમાન રીતે વર્તતા હતા. નવું માળખાં આ અભિગમને નિર્ણાયાત્મક રીતે બદલી




નાખવામાં આવ્યું છે. બેન્કિંગ એક્સપોઝર પર આધારિત સ્પષ્ટ થ્રેશોલ્ડ રજૂ કરીને, RBI એ ગ્રાહકોની બે અલગ શ્રેણીઓ બનાવી છે. કુલ બેન્કિંગ એક્સપોઝરમાં રૂ. 10 કરોડથી ઓછા ઋણધારકો માટે, ચાલુ અથવા ઓવરડ્રાફ્ટ ખાતા ખોલવા અને જાળવવાની પ્રક્રિયા યથાવત રાખી છે. UCB અને RCB કોઈપણ નવા નિયંત્રણો વિના આવા ખાતાઓ મુક્તપણે ચલાવી શકે છે, જેથી નાના ઉદ્યોગો અને વ્યક્તિઓ બિનજરૂરી બોજનો સામનો કરવો પડે નહીં. જોકે, જે દેવાદારોનું એક્સપોઝર રૂ. 10 કરોડ કે તેથી વધુ છે તેઓ હવે ખૂબ કડક નિયમોને આધીન રહેશે. ફક્ત તે સહકારી બેંકો જે દેવાદારના કુલ બેન્કિંગ એક્સપોઝરના ઓછામાં ઓછા 10 ટકા ધરાવે છે તેમને અનિયંત્રિત ચાલુ અથવા ઓવરડ્રાફ્ટ ખાતા જાળવવાની મંજૂરી આપવામાં આવશે.

આ શરત સુનિશ્ચિત કરે છે કે નોંધપાત્ર નાણાકીય પ્રવાહ ધરાવતા ખાતાઓ એવા બેંકો પાસે રહે છે જેમની લોન લેનારાના ક્રેડિટ જોખમમાં નોંધપાત્ર હિસ્સો હોય છે. ઓછા ઋણધારકો ફક્ત કલેક્શન ખાતાઓ ચલાવી શકે છે, અને આવા ખાતાઓમાં પ્રાપ્ત થયેલ કોઈપણ ભંડોળ બે કાર્યકારી દિવસોમાં નિયુક્ત ખાતામાં ટ્રાન્સફર કરવું આવશ્યક છે. આ પગલું ભંડોળના ડાયવર્ઝનને રોકવા અને દેખરેખ હેતુઓ માટે વ્યવહારોનો પારદર્શક પ્રવાહ બનાવવા માટે રચાયેલ છે.

અનુસંધાન પાના નંબર : 3

સહકાર

# વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરા દ્વારા જિલ્લા મહિલા સહકારી સેમિનાર યોજાયો

વડોદરા : આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ 2025 અંતર્ગત વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરાના ઉપક્રમે વડોદરા, છોટાઉદેપુર જિલ્લાના સહકારી ક્ષેત્ર સાથે કાર્યરત મહિલાઓ માટે 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ નિમિત્તે સહકારી ઉદ્યોગ, સહકારિતા દ્વારા યુવાનો, મહિલાઓ અને નબળા ક્ષેત્રો જેવા કે, હસ્ત કલા, હાથવણાટ, શ્રમ, મત્સ્યોદ્યોગને સશક્ત બનાવવા અંગે "મહિલા સેમિનાર" યોજવામાં આવ્યો હતો.

આ સેમિનારનું ઉદ્‌ઘાટન પ્રાર્થના ગીતથી શરૂ કરવામાં આવ્યું હતું. આ સેમિનારના પ્રમુખશ્રી પ્રવીણભાઈ પટેલ, વડોદરા જિલ્લા સહકારી સંઘ, વડોદરાના અધ્યક્ષશ્રીના સ્થાને યોજાયો હતો.

આ મહિલા સેમિનારમાં શ્રી જીવણભાઈ પટેલ, અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લા સહકારી સંઘ, એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી અમિતભાઈ પટેલ, સેમિનારના અતિથિ વિશેષ શ્રીમાન પ્રો. ડો. રજની પાંડા, ચેરપર્સન - ઈન્ટિકરએશન વિમેન્સ નેશલન લીગલ સેલ, શ્રીમતી મનીષાબેન પરિખ ડિરેક્ટર મહિલા સહકારી સમિતિ ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ, શ્રીમતી રેશ્માબેન ધર્મેશભાઈ પટેલ, મહિલા સી.ઈ.આઈ, વડોદરા, સી.ઈ.આઈ. શ્રી હરિશભાઈ ઉપસ્થિત રહ્યા હતા તથા મહાનુભાવોનું ફૂલગુચ્છથી સ્વાગત કર્યું




હતું. આ સેમિનારનું સ્વાગત પ્રવચન શ્રી રેશ્માબેન ડી. પટેલ મહિલા સી.ઈ.આઈ. વડોદરાએ કર્યું હતું.

સેમિનારના અતિથિ વિશેષ શ્રીમાન પ્રો. ડો. રજની પાંડાએ હ્યુમનરાઈટ્સ, એન્ટીકરપ્શન વિશે, ચાઈલ્ડ રાઈટ્સ, જીવન શૈલી વિશે, મહિલાઓની અવિરત સેવા વિશે માહિતી-માર્ગદર્શન આપ્યું હતું. શ્રીમતી મનીષાબેન પરીખ ડિરેક્ટર, મહિલા સહકારી સમિતિ, ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદએ મહિલા સહકારી સેમિનારના મહત્વ વિશે માહિતી - માર્ગદર્શન આપ્યું હતું.

સેમિનારના પ્રમુખસ્થાનેથી શ્રી પ્રવીણભાઈ પટેલ, અધ્યક્ષ શ્રી વડોદરા, જિલ્લા સહકારી સંઘ, વડોદરા જેમણે ભારત દેશ - આત્મનિર્ભર બને એ માટે સ્વદેશી વસ્તુ અપનાવવા - ખરીદવા માટે માર્ગદર્શન આપ્યું હતું. આ વર્ગનું સંચાલન વડોદરા સી.ઈ.આઈ શ્રી શીરીષભાઈ પટેલે કર્યું હતું અને સ્વદેશી સંકલ્પ પંચસ્થ મહાનુભવો ઉપસ્થિત પ્રતિનિધિઓએ લીધો હતો. એ સેમિનારની આભારવિધિ શ્રીમતિ રેશ્માબેન ધર્મેશભાઈ પટેલે કરી હતી.

# રાજકોટ જિલ્લા સહકારી સંઘ દ્વારા યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયો

રાજકોટ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ તથા રાજકોટ જિલ્લા સહકારી સંઘ ની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરી અંતર્ગત તારીખ 24/11/2025 થી તારીખ 29/11/2025 ની મુદતમાં રાજકોટ માં આવેલ શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સમાં યુવક સહકારી શિક્ષણ વર્ગ યોજાયેલ હતો, જેમાં આજ રોજ આ સહકારી યુવક વર્ગનો સમાપન સમારોહ યોજાયેલ હતો.




આ સમાપન સમારોહમાં રાજકોટ જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી જયશ્રીબેન ત્રિવેદી તેમજ પી. ડી. એમ. કોલેજના અધ્યાપક શ્રી રાજેશભાઈ વોરા ઉપસ્થિત રહ્યા હતા. સંઘના એક્ઝિ. ઓફિસરશ્રી જયશ્રીબેન ત્રિવેદી દ્વારા સહકારી પ્રવૃત્તિ પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે આપણા જીવન સાથે કેવી રીતે સંકળાયેલી છે, અને યુવાનોને સહકારી પ્રવૃતિમાં રસ લઈને જોડાવાની ખાસ અપીલ કરી હતી. તેમજ કોલેજના અધ્યાપક શ્રી રાજેશભાઈ વોરા દ્વારા સહકારી પ્રવૃત્તિનું મહત્વ શું છે, અને લોકો એકબીજાની પરસ્પર મદદથી સહકારી સંસ્થા/મંડળી ચલાવી પોતાની આર્થિક સ્થિતિમાં સુધારો લાવી શકે છે તેની ઉદાહરણ સહિત સવિશેષ માહિતી આપી હતી. આ સમગ્ર યુવક સહકારી શિક્ષણ વર્ગનું સંચાલન સી.ઈ.આઈ. શ્રી - પાર્થ એમ. આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

# યુવા નેતા શ્રી મનીષભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં અમરેલી ખાતે 72મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ નો ધ્વજ વંદન કરી શુભારંભ કરાયો હતો

અમરેલી : તારીખ 14 નવેમ્બર 2025ના રોજ ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘના દિશા નિર્દેશો અનુસાર અને ગુજરાત રાજ્ય સહકારી સંઘના માર્ગદર્શન હેઠળ અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા સહકારી સંઘ, અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. અને સહકાર અમરેલીના સયુક્ત ઉપક્રમે અમર ડેરીના પટાંગણમાં 72મા અખિલ ભારતીય સહકાર સપ્તાહના સહકારી ધ્વજ વંદન કરી શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે મહેમાન તરીકે અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જિલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ શ્રી જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કના ઉપાધ્યક્ષ અને જિલ્લા સંઘના ડાયરેક્ટર શ્રી અરુણભાઈ પટેલ, ડાયરેક્ટર શ્રી ચંદુભાઈ રામાણી, ડાયરેક્ટર શ્રી રામજીભાઈ કાપડિયા, જિલ્લા સંઘના યુથ ડાયરેક્ટર શ્રી રાજભાઈ જાની, શ્રી જગદિશભાઈ નાકરાણી, શ્રી રવિભાઈ પંડ્યા, અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્કના જનરલ મેનેજર શ્રી બી.એસ. કોઠીયા, અમર ડેરીના એમ.ડી.શ્રી આર.એસ. પટેલ સાહેબ, અમરેલી જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી, સહકારી આગેવાનો અને સહકારી ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે' સહકારી સેમિનારનું આયોજન કરવામાં આવેલ.

ઉપસ્થિત મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાયો હતો. ત્યારબાદ કાર્યક્રમની સ્વાગતવિધિ અમરેલી




કર્મચારીઓ હાજર રહ્યા હતા.

તારીખ 14-11-2025 થી તારીખ 20-11-2025 સુધી ચાલનાર 72મા અખિલ ભારતીય સહકાર સપ્તાહ નો સહકારી ધ્વજ વંદન કરીને શુભારંભ કરી સહકાર સપ્તાહના મુખ્ય વિષય વસ્તુ 'આત્મનિર્ભર

જિલ્લા સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી ભાર્ગવભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોએ સહકારના હેતુઓ અને ઉદેશોને અનુરૂપ તે વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા હતા.

# પંચમહાલ જિલ્લા સંઘ દ્વારા "સહકાર સપ્તાહ ધ્વજવંદન કાર્યક્રમ"

ગોધરા : અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીના ભાગરૂપે તા. 14 નવેમ્બર થી 20 નવેમ્બર દરમિયાન સમગ્ર દેશ સહિત ગુજરાત રાજ્યમાં વિવિધ કાર્યક્રમો યોજી ઉજવણી કરવામાં આવે છે. 72મા અખિલ ભારત સહકાર સપ્તાહના પ્રથમ દિન તારીખ 14 નવેમ્બર, 2025 પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરા ના ઉપક્રમે સહકારી ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પંચમહાલ જિલ્લા સહકારી સંઘ, ગોધરાના ચેરમેન શ્રી રયજીભાઈ પરમારના સહકારી સપ્તરંગી ધ્વજ લેહરવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિલા સહકાર સમિતિના પ્રમુખ શ્રી હંસાબેન શાહ તથા પંચમહાલ જિલ્લા સહકારી સંઘ ના એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી પારૂલબેન ડી. સોલંકી તથા જિલ્લા સંઘના કર્મચારીઓ અને ગુજરાત રાજ્ય સંઘ નાસી.ઈ.આઈ શ્રી દેવેન્દ્રસિંહ સોલંકી અને મહિલા સી.ઈ.આઈ. શ્રી કલ્યુબેન



પટેલ તથા સહકર્મચારીૂઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહના ઉજવણીના ભાગરૂપે તા.14/11/2025 ના રોજની વિષયવસ્તુ "સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈજેશનને પ્રોત્સાહન" વિષય પર ઉપસ્થિત મહાનુભાઓએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા.

# ભાવનગર જિલ્લા સહકારી સંઘ,ભાવનગર દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી સમારોહ

ભાવનગર : ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂનાં જન્મદિન-બાલદિને '72-મા સહકાર સપ્તાહ ઉદ્‌ઘાટનનો ભવ્ય સમારોહ" ના મુખ્ય વિષય વસ્તુ "આત્મનિર્ભર ભારત માટે સહકારી ક્ષેત્ર શ્રેષ્ઠ માધ્યમ છે" ના પ્રથમ દિવસના વિષય "સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈઝેશનને પ્રાત્સાહન આપવું દિન"ની તારીખ14-નવેમ્બર 2025ને શુક્રવારના રોજ સાંજના 4-00 કલાકે ભાવનગર જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે શ્રી સહજાનંદ વિદ્યાલય (મુ. બપાડા, તા. તળાજા, જિ, ભાવનગર) બપાડા ખાતે રાજયના સહકારી મહિલા અગ્રણી તથા જિલ્લા સંઘના અધ્યક્ષશ્રી ભાવનાબેન જાડેજાના પ્રમુખસ્થાને યોજાયો હતો. આ નિમિત્તે "સહકારી ધ્વજ વંદન","જિલ્લા સહકારી સંમેલન" અને "સન્માનિત કાર્યક્રમ" સહિતના ત્રિવિધ કાર્યક્રમો ભવ્ય રીતે ઉજવાયા હતા.

કાર્યક્રમના પ્રારંભે સમારોહમાં ઉપસ્થિત મુખ્ય મહેમાનોના વરદ્ હસ્તે 'સહકાર સપ્તાહ વિશેષાંક-2025નું વિમોચન' કરાયું હતું. તેમજ રાજય સંઘ યોજિત 'શરાફી સહકારી મંડળીઓ પગારદાર કર્મચારીઓ સિવાયની ની શિલ્ડ હરિફાઈ સ્પર્ધામાં જિલ્લાની પ્રથમ ત્રણ શ્રેષ્ઠ વિજેતા જાહેર જેમાં પ્રથમ શ્રી અલઅમીન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. (મુ. મહુવા), દ્વિતીય લક્ષ્મણધામ કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. (ભાવનગર) તૃતીય શ્રી બજરંગદાસબાપા નાગરિક શરાફી સહકારી મંડળી લિ., ભાવનગર સહિતના હોદ્દેદારશ્રીઓને સમારોહના મંચસ્થ મહંમાનશ્રીઓના વરદ્ હસ્તે પ્રભાવક શિલ્ડ, સન્માન પત્રને રોકડ પુરસ્કાર એનાયત કરી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતાં. સાથે-સાથે તાજેતરમાં માર્કેટિંગ યાર્ડ-તળાજાની સામાન્ય ચૂંટણીમાં વિજેતા થયેલ ખેડૂત પ્રતિનિધિશ્રીઓને સમારોહના મંચસ્થ મહેમાનશ્રીઓના વરદ્ હસ્તે મોમેન્ટ એનાયત કરી શાલ ઓઢાડી સન્માનિત કરવામાં આવ્યા હતાં.



અનુસંધાન પાના નંબર : 3

**સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)એ.... પાના નંબર : 1નું અનુસંધાન**

કર્યો છે. દા.ત ભારતના સહકારી સાહસો જોઈએ તો... અમૂલ, ઈફકો, ક્રિભકો વગેરે સાહસોએ પ્રોફિટ કર્યો હતો. અને આ નફો સભાસદોમાં વહેચ્યો હતો. સહકારી ચેઈન ખૂબ મજબૂત છે. આમ આ બાબત સહકારી સંસ્થાઓના વૈશ્વિક અર્થતંત્રોમાં મહત્વને દર્શાવે છે.

આપણા દેશના આર્થિક વિકાસ માટે સહકારી ક્ષેત્ર પર વિશ્વાસ મૂકી સન્માનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારથી સમૃદ્ધિનું સૂત્ર આપ્યું છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીએ 75 વર્ષ પછી સહકાર મંત્રાલયની રચના કરી તેની જવાબદારી સહકારી આગેવાન અને કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહને નેતૃત્વ સોપ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ સહકાર મંત્રાલય, સહકારી સંસ્થાઓની પહોંચને પાયાના સ્તર સુધી પહોચાડવા માટે સતત પ્રયાસરત છે.

શ્રી અમિતભાઈ શાહે આ જવાબદારી સ્વીકાર્યા પછી સતત અભ્યાસ કરી લોકોને સહકારી પ્રવૃતિના લાભો મળી રહે તે માટે પેક્સ મંડળીઓને સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી રહેવા મોડેલ કોમન બાયલોઝ બનાવી પ્રાથમિક સહકારી મંડળીઓને 25 જેટલા મલ્ટિપરપઝ બિઝનેસ કરવાની તક પૂરી પાડી છે. સહકાર મંત્રાલયે એક વ્યાપક નીતિ માળખું, કાનૂની સુધારા અને વ્યૂહાત્મક પગલાંઓ ભરી સહકારી ક્ષેત્રને મજબૂત અને આધુનિક બનાવ્યું છે. "રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝના ડેટા અનુસાર, ૨૫ એપ્રિલ, ૨૦૨૫ સુધીમાં કુલ 20 હજાર જેટલી નવી બહુહેતુક પ્રાથમિક (PACS/ડેરી/મત્સ્યઉદ્યોગ) મંડળીઓની સ્થાપના કરવામાં આવી છે. આગામી પાંચ વર્ષમાં 200,000 બહુહેતુક સહકારી સંસ્થાઓ સ્થાપવામાં આવશે. તેજ રીતે મલ્ટી સ્ટેટ કો–ઓપરેટિવ સોસાયટી એક્ટ હેઠળ અમ્બ્રેલા સંસ્થા તરીકે ત્રણ નવી સહકારી સંસ્થાઓ 1. નેશનલ કો-ઓપરેટિવ એક્સપોટ્ર્સ લિમિટેડ (NCEL), 2. નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડ(NCOL), 3. ભારતીય બીજ સહકારી સમિતિ લિમિટેડ (BBSSL) દ્વારા ગામડાંઓના ખેડૂતોના આર્થિક ઉપાર્જનમાં મોટો ફાળો આપી રહી છે.

આઈ.એસ.એસ.સી.,પૂનાના સક્રેટરી શ્રી અનિલ કરંજકરે વૈકુંઠભાઈ મહેતાના સહકારી યોગદાનને યાદ કરી ઉપસ્થિત સૌ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

એનસીયુઆઈ, ન્યૂ દિલ્હીના ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવશ્રી સાવિત્રી સિંધે રાષ્ટ્રિય સહકારી પ્રવૃત્તિ અને ઈન્ડિયન સોસાયટી ફોર સ્ટડીઝ ઈન કો-ઓપરેશન, પૂનાના વિકાસમાં શ્રી ઘનશ્યામભાઈ અમીનના યોગદાન અંગે માહિતી આપી જણાવ્યું હતું કે, આ સંસ્થા દ્વારા સહકારી ક્ષેત્રે સંશોધન કરવામાં આવે છે. સહકાર મંત્રાલય દ્વારા યુવાનો અને મહિલાઓને સહકારી ક્ષેત્રે જોડવામાં આવી રહ્યાં છે. દેશમાં સૌથી વધુ રોજગારી પૂરી પાડતું ક્ષેત્ર સહકાર છે તેવું મારું માનવું છે. ત્યારે યુવાનોએ સહકારી માધ્યમ સાથે જોડાઈને નોકરી દાતા બનવું જોઈએ.

નાબાર્ડના જનરલ મેનેજરશ્રી સૌમેન્દ્રસિંગે નાબાર્ડની વિવિધ કાર્ય યોજના અંગે માહિતી આપી ટેક્નોલોજીનું મહત્વ સમજાવી જણાવ્યું હતું કે, છેલ્લા બે દાયકામાં વિશ્વમાં ટેક્નોલોજીમાં ખૂબ મોટું પરિવર્તન આવ્યું છે. સહકારી ક્ષેત્રમાં ટેક્નોલોજીને મહત્વ આપવાનો સમય આવી ગયો છે. ત્યારે યુવાનોએ સહકારી ક્ષેત્ર સાથે જોડાવું જાઈએ.

ભાવનગર જિલ્લા સહકારી સંઘના ચેરમેન અને રાજ્ય સહકારી સંઘના ડિરેક્ટરશ્રી ભાવનાબેન જાડેજાએ શ્રી વૈકુંઠભાઈ મહેતા સહકારી વ્યવસ્થાપન કેન્દ્ર, નારી ભાવનગરને બર્ડની મળેલી મજૂરી અંગે માહિતી આપી જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનું ભવિષ્ય સહકારી ક્ષેત્રે ખૂબ ઉજ્જવળ છે. અહી જાતિ – જ્ઞાતિના કોઈ ભેદભાવ વગર સમાન રીતે આગળ વધવાની તકો મળે છે.

આ પ્રસંગે રાજ્ય સહકારી સંઘના માનદ મંત્રી શ્રી અરવિંદભાઈ તાગડીયોએ ઉત્કૃષ્ઠ વિશ્વ બનાવવામાં સહકારિતાના યોગદાનને સમજાવી જણાવ્યું હતું કે, સહકારી ક્ષેત્ર જ એવું ક્ષેત્ર છે જેને ધ્યાનમાં લઈ યુનો દ્વારા બે વખત આંતરરાષ્ટ્રિય વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યું હોય તેવી આ પ્રથમ ઘટના છે. પ્રથમ વખત 2012ના વર્ષને પછી 2025નું વર્ષ. આ બાબત સહકારી ક્ષેત્ર માટે ગૌરવ લેવા જેવી છે.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ આભાર વિધિ કરી હતી.

આ ઉદ્દઘાટન કાર્યક્રમમાં લોકભારતી, સણોસરાના કૃષિવિભાગના વડા ડૉ. વિરેન્દ્રસિંગે કૃષિ સંશોધન અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. દિલાસા સામાજિક વિશ્વસ્ત સંસ્થા, કોલ્હાપુરના સંસ્થાપક અધ્યક્ષશ્રી ડો. રુપા શાહે વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું હતું. જ્યારે ન્યૂ મહિલા ઔધોગિક મહિલા સહકારી મંડળીના ચેરમેનશ્રી મનિષાબેન પરિખે સહકારી ક્ષેત્રે માર્કેટિંગ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ બે દિવસીય રીસર્ચ કોન્ફરન્સમાં વિવિધ રાજ્યમાંથી ઉપસ્થિતિ રિસર્ચ સ્કોલરો દ્વારા પેપર રજૂ કરવામાં આવ્યા હતાં. તેના પર તજજ્ઞો દ્વારા વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજ્ય સહકારી સંઘના અધિકારી શ્રી દીપશીખા ઠાકુરે કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવામાં રાજ્ય સહકારી સંઘના કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

**આધુનિક, ડિજિટલી સક્ષમ.... પાના નંબર : 1નું અનુસંધાન**

ફરિયાદ પદ્ધતિઓને મજબૂત બનાવે છે. 2025 માં શરૂ કરાયેલ સહકારી રેન્કિંગ ફ્રેમવર્ક ઓડિટ પાલન, નાણાકીય સ્વાસ્થ્ય અને કાર્યકારી કાર્યક્ષમતાના આધારે સમાજોનું મૂલ્યાંકન કરીને પારદર્શિતાને વધુ પ્રોત્સાહન આપી રહ્યું છે.

PACS અને બેંક મિત્ર તરીકે કાર્યરત ડેરી અને મત્સ્યઉદ્યોગ સહકારી સંસ્થાઓ દ્વારા તૈનાત માઇક્રો-ATM અને AEPS-આધારિત બેન્કિંગ દ્વારા ડિજિટલ સમાવેશને આગળ વધારવામાં આવી રહ્યો છે. આ ગ્રામીણ વસ્તી માટે સુરક્ષિત, દરવાજા સુધી નાણાકીય સેવાઓ સુનિશ્ચિત કરે છે. રાષ્ટ્રીય સહકારી ડેટાબેઝ, જે હવે 8.4 લાખ સહકારી સંસ્થાઓને આવરી લે છે, તે પ્રમાણભૂત API દ્વારા રાજ્ય RCS પોર્ટલ સાથે રીઅલ-ટાઇમ ડેટા એકીકરણ પૂરું પાડે છે, નીતિ આયોજન અને દેખરેખમાં સુધારો કરે છે.

કાર્યક્ષમતા અને સ્પર્ધાત્મકતા સુનિશ્ચિત કરવા માટે, સરકારે નીતિ, કર અને ક્રેડિટ-સંબંધિત પ્રોત્સાહનોનો વિશાળ સ્પેક્ટ્રમ રજૂ કર્યો છે. આમાં મોડેલ બાય-લો, રાષ્ટ્રીય સહકારી નીતિ 2025, MSCS કાયદામાં સુધારા, સહકારી બેંકો માટે વિસ્તૃત કાર્યકારી સુગમતા, ઘટાડાયેલ સરચાર્જ અને MAT જેવી કર રાહતો, અને નવી ઉત્પાદન સહકારી સંસ્થાઓ માટે 15% કર દરનો રાહત દરનો સમાવેશ થાય છે. PACS અને PCARDB માટે વધેલી રોકડ વ્યવહાર મર્યાદાએ સભ્ય-સ્તરની કામગીરીને સરળ બનાવી છે. મોટા પાયે નાણાકીય સહાય પણ લંબાવવામાં આવી છે. PACS કોમ્પ્યુટરાઇઝેશન માટે રૂ. 2,925 કરોડનો ખર્ચ પૂરો પાડવામાં આવ્યો છે. AMI યોજના હેઠળ, PACS ગોડાઉન માટે માર્જિન મની આવશ્યકતાઓમાં ઘટાડો કરવામાં આવ્યો છે, સબસિડીમાં વધારો કરવામાં આવ્યો છે, અને રસ્તાઓ અને વજન પુલ જેવી સુવિધાઓ માટે વધારાની સહાય આપવામાં આવી છે.

NCDC એ FPOs ને રૂ. 190 કરોડ અને FFPOs ને રૂ. 98 કરોડની સુવિધા આપી છે, જે કેબિનેટ દ્વારા મંજૂર કરાયેલ રૂ. 2,000 કરોડની ગ્રાન્ટ દ્વારા સમર્થિત છે જે સહકારી ધિરાણમાં વધુ રૂ. 20,000 કરોડનું ઉત્પાદન કરી શકે છે. ખાંડ સહકારી સંસ્થાઓને 10,000 કરોડ રૂપિયાની ઈથેનોલ-લિંક્ડ લોન વિન્ડો, વ્યાજ સબવેન્શન, મોલાસીસ પર GST ઘટાડો અને મુખ્ય આવકવેરા રાહત પગલાંનો લાભ મળે છે. સહકારી બેંકોને CGTMSE હેઠળ સમાવવામાં આવ્યા છે, જેનાથી કોલેટરલ-મુક્ત લોન માટે ઉચ્ચ-જોખમ કવરેજ શક્ય બને છે. આ વ્યાપક પગલાં ભારતના ઈતિહાસમાં સૌથી મોટા સહકારી સશક્તીકરણ અભિયાનોમાંના એકને ચિહ્નિત કરે છે, જે આધુનિક, ડિજિટલી સક્ષમ અને નાણાકીય રીતે સ્થિતિસ્થાપક સહકારી માળખા દ્વારા વ્યાપક ગ્રામીણ સમૃદ્ધિનો પાયો નાખે છે.

**કૌશલ્ય વિકાસ.... પાના નંબર : 4નું અનુસંધાન**

જય ઠક્કર અને GSCUના આસિસ્ટન્ટ ઓફિસર (એજ્યુકેશન) સુશ્રી ઠાકુર દીપશિખાએ કૌશલ્ય વિકાસનું મહત્વ, સફળ સહકારી મોડેલોના ઉદાહરણો અને આત્મનિર્ભરતામાં સહકારની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. આબોદાણા વિમેન કો-ઓપરેટિવ સોસાયટીના શ્રીમતી અમીષા દરબાર દ્વારા બ્લોક પ્રિન્ટિંગની હેન્ડ્સ-ઓન તાલીમ આપવામાં આવી. સહભાગીઓને પરંપરાગત તકનીકો અને આવક સર્જનની તકો વિશે માર્ગદર્શન મળ્યું. GSCU ના CEO ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી દ્વારા વક્તાનું સન્માન કરવામાં આવ્યું હતું. ATIRA ના અધિકારીઓ ડો. અંકુશ શર્મા અને શ્રીમતી અનિતા કપૂર દ્વારા નેશનલ ટેકનિકલ ટેક્સટાઇલ મિશન (NTTM) હેઠળ NSDC-મંજૂર ૩૭-દિવસના વિના મૂલ્યે પુલ્ટ્રુઝન ઓપરેટર કોર્સ અંગે માહિતી આપવામાં આવી. કાર્યક્રમના અંતે તમામ સહભાગીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા.

# "ભારત સરકારનો એક માત્ર ધ્યેય ભારતના ખેડૂતનું સર્વાંગી કલ્યાણ સર્વ ક્ષેત્રે સમૃધ્ધિ" : શ્રી રમણભાઈ સોલંકી

બોરસદ : આંતરરાષ્ટ્રિય સહકારિતા વર્ષ 2025ની ઉજવણીના ભાગ રૂપે ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ સંચાલિત શ્રી છોટાલાલ વ્યાસ સહકારી વ્ય. કેન્દ્ર, નડીયાદ અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, બોરસદ આયોજિત વિકાસ સહકારી તાલીમ શિબિર બોરસદ"નો તારીખ 06 ડિસેમ્બર 2025ના રોજ શુભારંભ કરતા શ્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું કે વિશ્વનેતા શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ૬ જુલાઈ 2021ના શુભદિને સહકાર મંત્રાલયની રચના કરી સમગ્ર દેશને સહકાર મોડેલના સ્વરૂપે પ્રસ્થાપિત કરવાની અને દેશના છેવાડાના માનવી ખેડૂતો ખેતી પશુપાલ ક્ષેત્રે અધતન સુવિધાઓ સહિત સમૃધ્ધ બને.આ ધ્યેય સાથે સમગ્ર પ્રજા આત્મનિર્ભર બને તે માટે વિવિધ ખેડૂત વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી.

ગ્રંથનું વિમોચન કરતાં ગુજરાતના રાજ્યકક્ષા મંત્રીશ્રી માનનીય શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી, શ્રી અમિતભાઈના માર્ગદર્શન અને સંકલ્પથી રાષ્ટ્રની તમામ સેવા સહકારી મંડળીઓને સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ અને અધતન સેવા યુક્ત બનાવવામાં આવશે.

કાર્યક્રમની શરૂઆતમાં નડીયાદ કેન્દ્રના પ્રોગ્રામ કો.ઓર્ડીનેટર શ્રી હર્ષદભાઈ શાહે જણાવ્યુ કે નડીયાદ તાલીમ કેન્દ્ર ગુજરાતમાં "ખેડૂત વિકાસલક્ષી તાલીમ" આપવામાં સમગ્ર ગુજરાતમાં પ્રથમ અને અગ્રસ્થાને



છે." તાલીમ કાર્યક્રમનના મુખ્ય મહેમાન શ્રી શીતલકુમાર પી. ભટ્ટ, આસી.એક્ઝિક્યુટિવ ઓફિસર ગુ. રા. સહ. સંઘ, અમદાવાદ અને પ્રિન્સીપાલ, તાલીમ કેન્દ્ર, નડીયાદના આ પ્રસંગે પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાનપદેથી ખેડા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન શ્રી તેજસભાઈ પટેલે "આપણી બેંક જિલ્લા બેંક" ની ખેડૂત વિકાસલક્ષી યોજનાઓના અમલ અને સફળતાની માહિતી આપી હતી.

જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી ચિંતનભાઈ પટેલે સરકારશ્રીની ખેતી વિકાસ યોજનાઓ વિષે માહિતી-માર્ગદર્શન આપેલ. જિલ્લા રજિસ્ટ્રારશ્રી અભિષેક સુવા તથા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી સંજયભાઈ પટેલે ખેડૂતોને – સભ્યોને માર્ગદર્શન આપેલ હતું. કાર્યક્રમના અંતમાં એપીએમસી, બોરસદના ચેરમેન શ્રી અશોકભાઈ મહિડાએ સૌના પ્રત્યે ઋણ અદા કરતાં આભારની લાગણી વ્યકત કરી હતી.

સમારંભનું સંચાનલ નડીયાદ કેન્દ્રના અધ્યાપિકા શ્રી વૈશાલીબેન એચ. રાવલે કર્યું હતું. ખેડૂત વિકાસલક્ષી સહકારી તાલીમ શિબિરમાં બોરસદ તાલુકાની ૩૨ સેવા સહકારી મંડળીઓના ચેરમેન – સેક્રેટરીશ્રીઓએ તથા કમિટી સભ્યો મળી કુલ ૩૪૨ પ્રતિનિધિઓએ ઉત્સાહપૂર્વક આ તાલીમ શિબિરમાં લાભ લઈ માહિતી માર્ગદર્શન મેળવ્યું હતું.

# ડાંગ જિલ્લા સહકારી સંઘ, આહવા દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી

આહવા : ડાંગ જિલ્લા સહકારી સંઘ આહવા દ્વારા તારીખ 14–11–2025, શુક્રવારના રોજ શ્રી ડાંગ જિલ્લા જંગલ સહકારી સંઘ લિ.આહવા ખાતે 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની સહકારી ક્ષેત્રે કાર્યક્ષમતા,જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજીટલાઈઝેશનને પ્રોત્સાહન આપવુ. દિનની ઉજવણી સંઘનાં અધ્યક્ષ શ્રી તુળશીરામભાઈ આર. દેશમુખના પ્રમુખ સ્થાને કરવામાં આવી.

કાર્યક્રમમાં ડાંગ જિલ્લા સહકારી સંઘ આહવાના અધ્યક્ષ શ્રી તુળશીરામભાઈ આર. દેશમુખના વરદ હસ્તે સહકારી સપ્તરંગી ધ્વજ ફરકાવી સહકાર ગીત ગાવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં સી.ઈ.આઈ. શ્રી રાજેશભાઈ એ. બાગુલે અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીની તથા વિષય અનુરૂપ માહિતી આપી હતી.

પ્રમુખ સ્થાનેથી ડાંગ જિલ્લા સહકારી સંઘ આહવાના અધ્યક્ષ શ્રી તુળશીરામભાઈ




આર. દેશમુખે અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણીનું મહત્ત્વ સમજાવી જણાવ્યું હતું કે, "ગામડાઓમાં રહેતા દરેક ખેડૂત, મજુર વર્ગના લોકોને સહકારી સંસ્થાઓ સાથે સાંકળીને તેમની આર્થિક તેમજ સામાજિક ઉન્નત્તિ કરવી આપણી બધાની ફરજ છે. ટેક્નોલોજી યુગમાં દરેક સહકારી મંડળીઓએ તેમની કામગીરી તથા સભાસદ, લોકોની લગતી સેવાઓ માટે ટેક્નોલોજી અપનાવી કાર્ય કરવું પડશે તો જ સહકારી સંસ્થા આ યુગમાં ટકી રહેશે."

આ પ્રસંગે ડાંગ જિલ્લા સહકારી સંઘ આહવાના કાર્યાલયમંત્રી શ્રી રામુભાઈ એમ. પટેલએ જિલ્લાની ભૌગોલિક સ્થિતિ અને લોકોની મુશ્કેલીઓ, જરૂરિયાતો તથા તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનાવવા માટે સહકારી ક્ષેત્રે દૂધ ઉત્પાદન સહકારી પ્રવૃત્તિ શ્રેષ્ઠ ગણાવી હતી.

આ પ્રસંગે શ્રી બોરખલ વિભાગ જંગલ કા.સ.મં.લિ.ના મંત્રી શ્રી સોનીરાવભાઈ ગાવિતે વન, પર્યાવરણ જાળવણી અંગે તથા જંગલ સહકારી મંડળીઓએ તેમનાં સભાસદો માટે નવી કામગીરીની પહેલ કરવા અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. આ ઉજવણી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સહકારી સંસ્થાઓના હોદ્દેદારો, સભ્યો, કર્મચારીઓ તથા ડાંગ જિલ્લા માહિતી કચેરી આહવાનાં કર્મચારીઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ સી.ઈ.આઈ. શ્રી રાજેશભાઈ એ. બાગુલ એ કરી હતી.

## દેશની બેંકોમાં ક્રેડિટ રેશિયો 80.21% હોવાની તુલનાએ

# ગુજરાતમાં બેંકોનો ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો 88.65%ના અત્યંત ઊંચા સ્તરે

અમદાવાદ : ગુજરાતમાં બેંકોનો ક્રેડિટ- ડિપોઝિટ રેશિયો 85 ટકાની સપાટીને પાર કરતાં ચિંતાજનક રીતે 88.65 ટકાના સ્તરે પહોંચ્યો છે.

ગુજરાતમાં બેંકોની કુલ ડિપોઝિટ રૂ.13.37 લાખ કરોડ છે, જ્યારે કુલ લોનનું પ્રમાણ આશરે રૂ.11.85 લાખ કરોડ છે. આ સ્થિતિ સૂચવે છે કે, રાજ્યની બેંકો દ્વારા થાપણો એકત્ર કરવા કરતાં મજબૂત લોન વૃદ્ધિ થઈ છે. એટલે કે, ગુજરાતમાં બેંકોમાં જમા થાપણો કરતાં લોનનું પ્રમાણ વધ્યું છે.

રાષ્ટ્રીય સ્તરે બેંકોનો ક્રેડિટ- ડિપોઝિટ રેશિયો સૌ પ્રથમ વખત 80 ટકાને પાર કરી ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)નો ડેટા દર્શાવે છે કે, 31મી ઓક્ટોબરના રોજ પૂરા થયેલા પખવાડિયામાં કોમર્શિયલ બેંકોનો સીડી રેશિયો 80.21 ટકા હતો. જે અર્થતંત્રમાં લોનની માંગમાં વધારો થઈ રહ્યો હોવાનું દર્શાવે છે.

ગુજરાતમાં ક્રેડિટ-ડિપોઝિટ રેશિયોની સરેરાશ ખૂબ ઊંચે છે ડાંગ, નવસારી, અને પોરબંદર જેવા જિલ્લામાં આ રેશિયો નીચે છે ત્યારે બેંકોની સ્થાનિક શાખાઓ આ વિસ્તારમાં ક્રેડિટ પ્રવૃત્તિમાં વધારો થાય તેવા પ્રયાસો કરી રહી છે.

**■ રાજ્યમાં કુલ રૂ.13.37 લાખ કરોડની થાપણો સામે રૂ.11.85 લાખ કરોડની લોન ■ ગુજરાતમાં ડાંગ, નવસારી, પોરબંદર જેવા જિલ્લામાં બેંકોની ધિરાણ પ્રવૃત્તિ સૌથી ઓછી**

રાજ્યો પ્રમાણે ગુજરાતમાં આ આંકડો 85 ટકાને પાર થઈ ગયો છે. માર્ચ 2025માં 86.97 ટકાના સ્તરથી વધીને જુન 2025માં ગુજરાતની બેંકોનો ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો 88.65 ટકા થયો હતો. સૌ પ્રથમ વખત રાષ્ટ્રીય કોમર્શિયલ બેંકોના ક્રેડિટ-ડિપોઝિટ રેશિયોની રાષ્ટ્રીય સરેરાશ પણ 80 ટકાને પાર ગઈ છે. બેન્કિંગ ક્ષેત્રના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, ક્રેડિટ-ડિપોઝિટનો ઊંચો રેશિયો એ વાતનો સંકેત આપે છે કે, પોતાની પાસે જમા ડિપોઝિટમાંથી બેંકોએ નોંધપાત્ર પ્રમાણમાં લોન આપી છે, જે વ્યાજની આવકમાં વધારો સૂચવે છે.

# "સુરત જિલ્લા સહકારી સંઘ, સૂરત (બારડોલી) દ્વારા 72મા અખિલ ભારતીય સહકારી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ"

બારડોલી : સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી) દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહની ઉજવણીનો પ્રારંભ તથા ધ્વજ વંદનાનો કાર્યક્રમ જિલ્લા સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ ઝ. પટેલના પ્રમુખ સ્થાને સુરત જિલ્લા સહકારી સંઘના પટાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં ધ્વજવંદના સુમૂલ ડેરીના પૂર્વ ડિરેકટરશ્રી જયેશભાઈ પટેલના વરદ હસ્તે તેમજ દીપ પ્રાગટય ધી સુરત ડિ. કો-ઓપ. બેંક લિ. ના ચેરમેનશ્રી બળવંતભાઈ કલ્યાણભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.



સહકારી સંઘના ડિરેકટરશ્રી બાબુભાઈ વી. પટેલે આમંત્રિત મહેમાનોનું સુતરની આંટીથી સ્વાગત કર્યું હતું.

પ્રમુખ સ્થાનેથી ઉદ્‌બોધન કરતા સંઘના અધ્યક્ષ શ્રી ભીખાભાઈ પટેલે જણાવ્યું હતું કે, "સહકારી પ્રવૃત્તિને વેગવંતી બનાવવી હશે તો આ યુવા પેઢીની સામેલગીરી જરૂરી છે. વિશ્વના સહકારી સંગઠનમાં 30 લાખ સહકારી સંસ્થાઓ જોડાયેલી છે, જેમા 100 કરોડ સભાસદો જોડાયેલા છે. આ સહકારી પ્રવૃત્તિ સમજદાર અને ઈમાનદાર લોકોથી ચાલશે સંસાધનોથી ચાલવાની નથી. સને 1904 માં રવિન્દ્રનાથ ટાગોરે સહકારિતા વિશેના લેખ લખતા લખ્યું કે, આપણો સમાજ સંગઠીત નથી, સમાજને સંગઠીત કરવા માટે સહકારી પ્રવૃત્તિની જરૂર છે."

આ ઉપરાંત મોરારજીભાઈ દેસાઈનાં પ્રસંગ ટાંકતા જણાવ્યું કે, સહકારી પ્રવૃત્તિમાં કામ કરવા માટે નિષ્ઠા અને પ્રામાણિકતા અને ચારિત્રયવાન હોવું ખૂબ જ જરૂરી છે. તેવી જ રીતે વહીવટી બાબતે પારદર્શકતા પણ એટલી જ જરૂરી છે.

મુખ્ય મહેમાન પદેથી ઉદ્‌બોધન કરતાં બારડોલી નાગરિક સહકારી બેંકના એમ.ડી.શ્રી પી. આર. પાંડેએ સહકારિતા ક્ષેત્રે કાર્યક્ષમતા, જવાબદારી અને પારદર્શિતા વધારવા માટે ડિજિટલાઈઝેશન અને પ્રોત્સાહન દિન વિશે વિસ્તૃત માહિતી આપી હતી. નાફકબના ડિરેકટરશ્રી ગૌતમભાઈ વ્યાસે પારદર્શકતા અને વ્યક્તિ નિર્માણ વિશે વાત કરી હતી. સહકારી સંસ્થાના માધ્યમથી વ્યકિત નિર્માણ, સંસ્કૃતિ નિર્માણ અને સમાજના નિર્માણની વાત કરી હતી. " વિના સંસ્કાર નહી સહકાર''ની નીતિ સાર્થક કરવા જણાંવ્યું હતું. મુખ્ય મહેમાન પદેથી ઉદ્‌બોધન કરતા સુમૂલ ડેરીના ઓલપાડ તાલુકાના પૂર્વ ડિરેકટરશ્રી જયેશભાઈ પટેલ ધી સુરત ડિસ્ટ્રિકટ કો–ઓપ. બેંક લિ. ના ચેરમેનશ્રી બળવંતભાઈ પટેલે તથા પૂર્વ ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધનો કર્યા હતા.

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદા દ્વારા અને સુરત જિલ્લા સહકારી સંઘ, સુરત (બારડોલી) દ્વારા સને 2023–24 ના વર્ષમાં શ્રેષ્ઠ કામગીરી અંગે ઘોષિત સહકારી મંડળીઓના પ્રમુખશ્રીઓનું શાલ ઓઢાડી, સુતરની આંટી પહેરાવી શિલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

**ગુજરાત રાજ્ય સહકારી સંઘ આયોજિત શિલ્ડ અર્પણ કાર્યક્રમ**

| | |
|---|---|
| ક્રેડિટ અને ધિરાણ સહકારી મંડળીઓ પ્રથમ નંબર | ધી ગુજરાત હાઉસિંગ ઉમરવાડા અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. ઉમરવાડા, સુરત. |
| બીજો નંબર | શ્રી બારડોલી જનતા કો–ઓપ. ક્રેડિટ સોસાયટી લિ. બારડોલી તા. બારડોલી, જિ. સુરત. |
| ત્રીજો નંબર | શ્રી કડોદરા નાગરિક બચત અને ધિરાણ સ. મં. લિ. કડોદરા તા. પલસાણા, જિ. સુરત |

**સુરત જિલ્લા સહકારી સંઘ આયોજિત શિલ્ડ અર્પણ કાર્યક્રમ**

| | |
|---|---|
| અર્બન કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઓનો વિભાગ | ધી ગુજરાત હાઉસિંગ ઉમરવાડા અર્બન કોઓપ. ક્રેડિટ સોસાયટી લિ. ઉમરવાડા, સુરત |
| સેવા/વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીઓનો વિભાગ | શ્રી સેવણી સેવા સહકારી મંડળી લિ. મુ.પો. સેવણી તા. કામરેજ, જિ.સુરત. |
| ફળ, શાકભાજી ઉત્પાદક, વેચાણ સહકારી મંડળીઓ | શ્રી સરદાર બાગાયત સહકારી મંડળી લિ. સ્ટેશન રોડ, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત. |
| ખેતીપાક/રૂપાંતર/વેચાણ /કોટન સહકારી મંડળીઓનો વિભાગ | ધી અંત્રોલી પારડી કપાસ સહકારી મંડળી લિ. મુ. સાયણ, (જીન કંપાઉન્ડ તા. ઓલપાડ, જિ. સુરત. |
| ગ્રાહક સહકારી ભંડાર વિભાગ | શ્રી સરદાર બારડોલી તાલુકા ખેડૂત સહકારી ખરીદ વેચાણ મંડળી લિ. સરદાર બાગ, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત. |

આ કાર્યક્રમમાં સુરત જિલ્લા સહકારી ખરીદ–વેચાણ સંઘ લિ. ના ચેરમેનશ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સુરત જિલ્લા સહકારી સંઘના ડિરેકટરશ્રીઓ, સુમૂલડેરી, સુરત ડિસ્ટ્રિકટ કો-ઓપ. બેંકના ડિરેકટરશ્રીઓ તથા અન્ય સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરત જિલ્લા સહકારી સંઘના એક્ઝિ. ઑફિસર શ્રી ભાવેશકુમાર એસ. પટેલે આંતરરાષ્ટ્રિય સહકારી સંદેશાનું વાંચન કર્યું હતું.

બારડોલી તાલુકાના કુલ 250 જેટલા સહકારી અગ્રણીઓ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુરત જિલ્લા સહકારી સંઘના એકાઉન્ટન્ટ શ્રી કનુભાઈ ચૌધરીએ કર્યું હતું. આભારવિધિ સુરત જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. શ્રી વિજયભાઈ ચૌધરીએ કરી હતી.

# સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ

હિંમતનગર : ગુજરાત રાજ્ય સહકારી સંઘની સહકારી શિક્ષણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ 14-11-2025ના રોજ 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણી કાર્યક્રમ યોજાઈ ગયો, સાબરકાંઠા જિલ્લા સહકારી સંઘના પટાંગણમાં હિંમતનગર નાગરિક સહકારી બેંકના ચેરમેનશ્રી હિરેનભાઈ ગોરે સહકારી સપ્તરંગી ધ્વજ લહેરાવ્યો હતો. સહકારી ભારતી અધ્યક્ષ ગુજરાત રાજયના શ્રી મહેશભાઈ એ. પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી જશુભાઈ જગુભાઈ પટેલ, માનદમંત્રીશ્રી જીતુભાઈ પટેલ, ઉપાધ્યક્ષશ્રી બાબુભાઈ દેસાઈ, ડિરેક્ટરશ્રી અહેમદભાઈ તથા સંઘ એક્ઝિક્યુટિવ ઓફિસર તથા સ્ટાફમિત્રોએ સપ્તરંગી ધ્વજને સલામી આપી સહકાર ગીતનુ ગાન કર્યું હતું. આ કાર્યક્રમમાં આશરે 50 જેટલા સભ્યોએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન સીઈઆઈશ્રી મહેન્દ્રસિંહ રહેવર તથા મહિલા સીઈઆઈ ખુશ્બુબેન કંસારાએ કર્યુ હતું.

# કાંકરેજ તાલુકાના કુંવારવા ગામે આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત સહકાર સંમેલન યોજાયું

કાંકરેજ : કાંકરેજ તાલુકાના કુંવારવા ગામે આવેલ બ્રાહ્મણી જીનિંગમાં આત્મનિર્ભર ભારત સંકલ્પ અભિયાન અંતર્ગત સહકાર સંમેલનમાં કાંકરેજ તાલુકાના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ શિક્ષણ મંત્રી અને વર્તમાન બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા, બનાસ બેન્કના ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલીયાતર, થરા માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી ઈશ્વરભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

સહકારી મંડળીઓ અને બનાસ ડેરી સહિત બનાસ બેન્ક ખેડૂતો અને પશુપાલકોને આત્મનિર્ભર કરવા માટે સહાયક તરીકેની મહત્ત્વની ભૂમિકા ભજવે છે. બનાસ બેન્કના ચેરમેનશ્રી ડાહ્યાભાઈ પીલીયાતરે જણાવ્યું હતું કે, હાલમાં બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરીને એવોર્ડ મળ્યો એ ગૌરવની વાત છે અને જિલ્લા તથા કાંકરેજ તાલુકાના પશુપાલકો માટે બનાસ બેન્ક દ્વારા ખેડૂતો આત્મનિર્ભર બને તે માટે મહિલાઓને ઝીરો ટકા વ્યાજે પચાસ હજાર રૂપિયાની રકમ સહાય આપવામાં આવે છે જેમાં અત્યાર સુધીમાં વીસ હજાર મહિલાઓને ઝિરો ટકા વ્યાજે સહાય આપવામાં આવી છે જેનો લક્ષ્યાંક એક લાખ મહિલાઓને આપવાનો છે.

# મેઘરજમાં 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીનું સમાપન

મોડાસા : અરવલ્લી જિલ્લા સહકારી સંઘ, મોડાસાના ઉપક્રમે છેલ્લા સાત દિવસથી ચાલી રહેલી 72મા અખિલ ભારત સહકાર સપ્તાહ ઉજવણીનું સમાપન જીવનદીપ મહિલા બચત ધિરાણ શરાફી મંડળી લિ. મેઘરજ ખાતે કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં મુખ્ય મથક સહિત જુદા જુદા તાલુકાઓમાં સંઘના અધ્યક્ષશ્રી પ્રભુદાસ પટેલ, ઉપાધ્યક્ષશ્રી પ્રજ્ઞેશભાઈ બોર્ડ ડિરેક્ટરોની ઉપસ્થિતિમાં આ સહકાર સપ્તાહની ઉજવણી સહકાર ને લગતા વિવિધ વિષયોને આવરી લઈ કરવામાં આવી હતી. જીવનદીપ મહિલા બચત ધિરાણ શરાફી મંડળીના ચેરમેનશ્રી ભાવનાબેન તથા મેનેજરશ્રી જીવીબેન, એમ.ડી. શ્રી શીલાબેન, શ્રી નમ્રતાબેન તથા સભાસદ બહેનોની ઉપસ્થિતિમાં સમાપન કરવામાં આવ્યું હતું.

ભાવનગર જિલ્લા સહકારી.... પાના નંબર : 3નું અનુસંધાન

આ પ્રસંગે પૂર્વ સાંસદશ્રીને પૂર્વે પ્રદેશ પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહજીભાઈ રાણા, જિલ્લા ભાજપ પ્રમુખશ્રી દિગ્વિજયસિંહજીભાઈ ગોહિલ, તળાજા વિસ્તારના ધારાસભ્યશ્રી ગૌત્તમભાઈ ચૌહાણ, ભાવનગર જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી ભાવનાબેન જાડેજા, દૂધ ઉત્પાદકસહકારી સંઘ(સર્વોત્તમ ડેરી)ના ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ પનોત, ભાવનગર ડિસ્ટ્રિકટ કો-ઓપ.બેંક લિ.ના પ્રમુખશ્રી રસીકભાઈ ભીંગરાડિયા,એ.પી.એમ.સી. ભાવનગરના પ્રમુખશ્રી રણછોડભાઈ જાજડિયા, ભાવનગર, જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના પ્રમુખશ્રી જીવરાજભાઈ ગોધાણી, ઓનિયન ફેડરેશનના પ્રમુખશ્રી શાંતિભાઈ ધાંધલ્યા, ભાવનગર ડિસ્ટ્રિકટ કો-ઓપ.બેંકના ડાયરેક્ટરશ્રી અજીતસિંહ ગોહિલ, શ્રી બળદેવસિંહ સરવૈયા, શ્રી સુરજિતસિંહ ગોહિલ, તળાજા નગર પાલિકાના સદસ્યો, તાલુકા પંચાયતના સદસ્યો, નામી સ્કુલોના ટ્રસ્ટીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં તળાજા તાલુકાના સહકારી ખેડૂત પ્રતિનિધિશ્રીઓ હાજર રહ્યા હતાં.

મોટા સહકારી ઋણધારકો.... પાના નંબર : 1નું અનુસંધાન

વધુમાં, સુધારેલા નિયમોમાં આ ખાતાઓનો ઉપયોગ તૃતીય-પક્ષ વ્યવહારો માટે પાસ-થ્રુ ચેનલ તરીકે પ્રતિબંધિત છે સિવાય કે અધિકૃત હોય. સહકારી બેંકોએ એક્સપોઝર-આધારિત ધોરણોનું પાલન સુનિશ્ચિત કરવા માટે તેમની મુખ્ય બેન્કિંગ સિસ્ટમમાં આવા ખાતાઓની સચોટ ફ્લેગિંગ દ્વારા દેખરેખને પણ મજબૂત બનાવવી જોઈએ. આ પગલાં બહુવિધ-બેન્કિંગ વ્યવસ્થાઓથી ઉદ્‌ભવતા જોખમોને ઘટાડવા, રોકડ પ્રવાહ પર દશ્યતા સુધારવા અને બેન્કિંગ ક્ષેત્રમાં લાગુ વ્યાપક ક્રેડિટ શિસ્ત સ્થાપત્યને મજબૂત બનાવવાની અપેક્ષા રાખે છે.

ફક્ત મોટા દેવાદારો પર ઉચ્ચ ચકાસણી લાગુ કરીને, RBI એ નાના અને મધ્યમ ગ્રાહકો માટે વિવેકપૂર્ણ નિયમન અને બેન્કિંગની સરળતા વચ્ચે સંતુલન બનાવ્યું છે. સુધારેલા ધોરણો 1 એપ્રિલ, 2026 થી અમલમાં આવશે, જોકે સહકારી બેંકો તૈયાર હોય તો તેમને વહેલા અપનાવી શકે છે, જેનાથી ક્ષેત્રને નવા માળખા સાથે સિસ્ટમો અને પ્રક્રિયાઓને સંરેખિત કરવા માટે સમય મળશે.

### ગુજરાતનું હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન

# દેશના ગ્રોથ એન્જિન ગુજરાતની માથાદીઠ આવક પ્રથમવાર ત્રણ લાખ રૂપિયાને પાર થઈ

ગાંધીનગર : ગુજરાતની માથાદીઠ આવક પહેલી વાર રૂપિયા 3 લાખને પાર થઈ ગઈ છે અને રાજ્યએ આર્થિક પ્રગતિમાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વાર્ટરમાં ભારતનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP)નો વિકાસદર-ગ્રોથ 8.2 ટકા નોંધાયો છે. જેમાં ગુજરાતનું મજબૂત પ્રદર્શન રહ્યું છે.

તાજેતરના ડેટા અનુસાર ગુજરાતે છેલ્લા દાયકામાં અસાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. 2023–24માં 24.62 લાખ કરોડના કુલ રાજ્ય ઘરેલું ઉત્પાદન (GSDP) સાથે, ગુજરાત હવે મહારાષ્ટ્ર, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ અને કર્ણાટક પછી ભારતના ટોચના પાંચ સૌથી મોટા અર્થતંત્રોમાં સ્થાન ધરાવે છે. ગુજરાતના આ સાતત્યપૂર્ણ પ્રદર્શનના કારણે જ તેણે ભારતની સૌથી મજબૂત અર્થવ્યવસ્થાઓમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે અને એટલે જ તેને ભારતનું ગ્રોથ એન્જિન કહેવાય છે. 2012-13થી 2023–24ના સમયગાળા દરમિયાન ગુજરાતે સરેરાશ 8.42 ટકા વૃદ્ધિ દર હાંસલ કર્યો છે, જે 10 લાખ કરોડથી વધુની અર્થવ્યવસ્થા ધરાવતા તમામ મુખ્ય રાજ્યોમાં સૌથી વધુ છે. આ સાથે ગુજરાતે કર્ણાટક (7.69%) અને તમિલનાડુ (6.29%) ને પણ પાછળ છોડી દીધા છે. એવા સમયમાં જ્યારે મોટા અર્થતંત્રો સામાન્ય રીતે સ્ટ્રક્ચરલ સેચ્યુરેશનના



ગુજરાત 8.42 ટકાના વૃદ્ધિ દર સાથે મોખરાનું રાજ્ય બન્યું, કર્ણાટક 7.69 ટકા અને તમિલનાડુનો વૃદ્ધિ દર 6.29 ટકા રહ્યો

કારણે ધીમા પડી જાય છે, પરંતુ ગુજરાત તેના મજબૂત ઔદ્યોગિક આધાર, રોકાણ-મૈત્રીપૂર્ણ વાતાવરણ, મજબૂત માળખાગત સુવિધાઓ અને કાર્યક્ષમ નીતિઓને કારણે ઝડપથી વિકાસ પામી રહ્યું છે. ગુજરાતમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનું 2023–24માં 7.43 લાખ કરોડનું યોગદાન રહ્યું હતું. જે ગ્રોસ સ્ટેટ વેલ્યુ એડેડ (GSVA) નો લગભગ એક તૃતીયાંશ હિસ્સો હતો. કન્સ્ટ્રક્શન અને યુટિલિટી ક્ષેત્રનો ફાળો 2.31 લાખ કરોડ, વેપાર, પરિવહન, નાણાકીય સેવાઓ અને રિયલ એસ્ટેટ જેવા સેક્ટરનો ફાળો 7.81 લાખ કરોડ રહ્યો હતો. કૃષિ, વન, માછીમારી જેવા ક્ષેત્રોએ રૂ. 3,69 લાખ કરોડનું યોગદાન આપ્યું હતું. એકંદરે, મૂળ કિંમતો પર ગુજરાતનું ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GSDP) 2011- 12માં 6.16 લાખ કરોડથી વધીને 2023-24માં 24.62 લાખ કરોડ થયું, જે એક દાયકામાં લગભગ ચાર ગણો વધારો દર્શાવે છે.

### ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા નાબાર્ડ યોજિત બીજા 'અર્થ સમિટ'ને શ્રી અમિતભાઈ શાહનું સંબોધન

# ટેક્સી સેવા પછી હવે હેલ્થ, લાઈફ સહિતના વીમા ક્ષેત્રે સહકારી વિભાગ પ્રવેશ કરશેઃ શ્રી અમિતભાઈ શાહ

**ગાંધીનગર : વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારે વર્ષોથી નજરઅંદાજ કરાયેલા ગ્રામીણ અર્થતંત્રના ચાલક બળ એવા કૃષિ, પશુપાલન અને સહકારિતા વિભાગે સુદૃઢ કરવા સાથે તેને આવરી લેતા મંત્રાલયોના બજેટમાં ત્રણ ગણો વધારો કર્યો છે, તેમ કહીને કેન્દ્રીય ગૃહ અને સહકારિતામંત્રીશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે, ભારતની આઝાદીના 100 વર્ષ પૂરા થાય ત્યારે વિશ્વમાં દરેક ક્ષેત્રે દેશ અવ્વલ બને માટેનો સંકલ્પ છે તેની પૂર્તિ માટે ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા ફોકસ કરવામાં આવ્યું છે. તેના માટે કૃષિ, ડેરી, પશુપાલન અને સહકારિતાને મજબૂત કરવા પડશે. એટલે જ કેન્દ્ર સરકારે ગ્રામીણ ક્ષેત્રે નવીન પ્રકારની સહકારી મંડળીઓ થકી વિવિધ રોજગારલક્ષી આયામો હાથ ધર્યા છે એમાં સહકારી ક્ષેત્રે દેશની સૌથી મોટી ટેક્સી સેવા શરૂ કરવા ઉપરાંત હવે સહકારી ક્ષેત્ર મોટા પાયે લાઈફ, હેલ્થ સહિતના વીમા ક્ષેત્રે પ્રવેશવા સજ્જ થશે.**

ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે નાબાર્ડ આયોજિત 'અર્થ સમિટ 2025'ને સંબોધતા સહકારિતા મંત્રીએ કહ્યું કે, 1930માં મહાત્મા ગાંધીએ દેશના વિકાસમાં ગામડાઓને બાજુમાં રાખી શકાય નહીં. દુર્ભાગ્યવશ આઝાદી પછી આ મંત્ર ભૂલી જવાયો. ગ્રામીણ અર્થતંત્રના મહત્ત્વપૂર્ણ અંગો એવા કૃષિ, પશુપાલન, સહકારિતાને ક્યાંકને ક્યાંક નજરઅંદાજ કરાયા, પરંતુ 2014માં એક નવો પરિવર્તનકારી યુગનો આરંભ થયો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીજીના મંત્રને લોકો સમક્ષ મૂકીને પુનર્જીવિત કર્યો. તેમણે વિગતો આપતાં કહ્યું કે, ગ્રામીણ, કૃષિ અને સહકારિતા મંત્રાલયો દેશની 80 ટકા વસ્તીનું ભવિષ્ય નક્કી કરે છે, એનું બજેટ અગાઉ રૂ.1.02 લાખ કરોડ હતું. વડાપ્રધાનશ્રી મોદીએ આ મંત્રાલયોને પરિણામલક્ષી બનાવવાની સાથે ત્રણેયનું સંયુક્ત બજેટ રૂ.3.15 લાખ કરોડ કર્યું, એટલે કે ત્રણ ગણું કર્યું છે. પશુપાલનને જોડીએ તો આ ફાળવણી પોણા ચાર ગણી થાય. એનો મતલબ કે ભાજપ સરકાર બન્યા પછી ગ્રામીણ, કૃષિ, પશુપાલન અને સહકારિતાને પહેલી વખત મહત્ત્વપૂર્ણ અંગ માનવામાં આવ્યું છે

ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા માટે દેશમાં ત્રણ સમિટ યોજવાનું નક્કી કરાયું હતું, એમાંથી હૈદરાબાદ પછી આજે મહાત્મા ગાંધીની ધરતી પર બીજું સમિટ યોજાયું છે અને આગામી વર્ષે નવી દિલ્હીમાં યોજાનાર સમિટ આ બન્ને સમિટના નિચોડરૂપ નીતિનિર્ધારણનો માર્ગ પ્રશસ્ત કરશે, તેવો વિશ્વાસ શ્રી અમિતભાઈએ વ્યક્ત કર્યો હતો.

તેમણે ઉમેર્યું કે, દેશના 130 કરોડ નાગરિકો સંકલ્પબદ્ધ થયા છે કે આઝાદીના 100 વર્ષ થાય ત્યારે દેશ વિશ્વમાં તમામ ક્ષેત્રે અવ્વલ હોય. તેની પૂર્તિ માટે માત્ર આંકડાઓ નહીં, જીડીપી નહીં, પરંતુ દરેક નાગરિકની સુખાકારી, જીવન, રોજગારી એમાં સમાવેશી હોય એટલે જ આગામી સમયમાં દરેક ગામમાં ઓછામાં ઓછી મંડળીઓથી માંડીને સંસ્થાઓના બેંક એકાઉન્ટ સહકારી બેંકોમાં જ હોય એ નીતિથી આ બન્ને જિલ્લાની સહકારી બેંકો ઘણી મોટી બની શકી છે. થાપણો પણ વધી છે. હવે ગુજરાતના અન્ય જિલ્લાઓમાં તેને લાગુ કરતાં પહેલાં કેટલાક નીતિવિષયક



■ 'કૃષિ, પશુપાલન અને સહકારિતા જેવા મહત્ત્વના અંગોને આઝાદી પછી નજરઅંદાજ કરાયા'
■ 2014માં શ્રી નરેન્દ્ર મોદી સરકારે આ ત્રણેય અંગોને આવરી લેતા મંત્રાલયોનું બજેટ 3 ગણું વધાર્યું

એક સહકારી મંડળી અને એમાં નવા સક્રિય સભ્યો હોય, આવા નવા પચાસ કરોડ સભ્યો બનાવવામાં આવી રહ્યા છે. હાલ દેશમાં સહકારી ક્ષેત્રે ટેક્સી સેવા માટે દિલ્હીમાં ટ્રાયલ શરૂ કરાયો છે. 51000 ડ્રાઈવરની નોંધણી થઈ છે. હવે વિવિધ પ્રકારના વીમા ક્ષેત્રે પ્રવેશ કરાવામાં આવશે. એવો લક્ષ્ય છે કે આ વીમા સેવાથી દરેક ગામમાં ઓછામાં ઓછા ત્રણ જણાને રોજગારી મળે.

**તમામ સહકારી સંસ્થાઓના એકાઉન્ટ સહકારી બેંકમાં હોય એ પ્રયોગ સફળ :**

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈએ કહ્યું કે, કો-ઓપરેટિવ એમંગ્સ કો-ઓપરેટિવનો બનાસકાંઠા અને પંચમહાલમાં શરૂ કરેલા પાયલોટ પ્રોજેક્ટ સફળ થયો છે. તમામ સહકારી ફેરફારો એકાદ વર્ષમાં કરાશે એના પછી દેશભરમાં અમલ થશે. આનાથી સહકારી બેંકો ઘણી મોટી થશે. આ તકે તેમણે નાબાર્ડ દ્વારા વિકસાવેલા સહકાર સારથી સોફ્ટવેરનો ઉપયોગ કરવા તેમજ ગુજરાત રાજ્ય બેંક દ્વારા વિકસાવાયેલા એકાઉન્ટીંગ સોફ્ટવેરને બેંકોએ અપનાવવા આગ્રહભરી અપીલ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિ અને સહકારમંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી, વિધાનસભા અધ્યક્ષશ્રી અને સહકારી આગેવાનશ્રી શંકરભાઈ ચૌધરી, ઉપાધ્યક્ષશ્રી જેઠાભાઈ ભરવાડ, નાબાર્ડ ચેરમેનશ્રી શાજી કે. વી., સહકાર સચિવ ભૂતાની સહિત સહકારી આગેવાનો સમિટમાં ઉપસ્થિત રહ્યા હતા.

### ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદ અને અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (ATIRA) વચ્ચે

# કૌશલ્ય વિકાસ અને સંશોધન સહયોગ માટે ઐતિહાસિક સમજૂતી કરાર (MoU)

અમદાવાદ : ગુજરાતના સહકારી ક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘ (GSCU) અને કાપડ ઉદ્યોગના સંશોધન અને વિકાસ માટેની અગ્રણી સંસ્થા અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિયેશન (ATIRA) વચ્ચે ત્રણ વર્ષ માટે એક સમજૂતી કરાર (MoU) કરવામાં આવ્યાં છે. જેનો મુખ્ય હેતુ જ્ઞાનની વહેંચણી, તાલીમ, કૌશલ્ય વિકાસ દ્વારા ટેક્સટાઈલ ટેક્નોલોજી અને નવીનતાઓનો પ્રત્યક્ષ પરિચય કેળવી સહકારી મંડળીઓ માટે




ક્ષમતા નિર્માણ કરવાનો છે. આ ઉપરાંત સંસ્થાકીય પ્રવૃત્તિનું આદાનપ્રદાન કરી નેતૃત્વ, સંચાલન અને સહકારી શિક્ષણમાં સંયુક્ત સંશોધન દ્વારા સફળગાથાઓનો વિકાસ કરવાનો છે.

આ પહેલ મુજબ સહકારી મંડળીઓના સભ્યો અને કર્મચારીઓ માટે ક્ષમતા નિર્માણના કાર્યક્રમો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા નામાંકિત સભ્યોને ATIRAના ટેકનિકલ અને કૌશલ્ય આધારિત કાર્યક્રમોમાં સહભાગી થવાની તક મળશે, જે સભાસદોના ઉદ્યોગલક્ષી કૌશલ્યોને વેગ આપશે. વધુમાં, બંને સંસ્થાઓના નિષ્ણાતો દ્વારા વ્યાખ્યાનો, વર્કશોપ્સ અને સેમિનાર્સ દ્વારા ફેકલ્ટી આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ અને તાલીમાર્થીઓ માટે સંયુક્ત સંશોધન પ્રવૃત્તિઓ અને ઈન્ટર્નશિપની તકો પૂરી પાડવા પર પણ વિચારણા કરવામાં આવશે.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીન અને ATIRAના ડાયરેક્ટરશ્રી પ્રગ્નેશભાઈ શાહ દ્વારા ૨૬મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે એમઓયુના મહત્વ અંગે સમજાવતા રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, "ATIRA જેવી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા સાથેનો આ સહયોગ ટેક્ષટાઈલ ક્ષેત્રે કામ કરતી સહકારી સંસ્થાઓને આધુનિક ટેક્નોલોજી અને સંચાલન પદ્ધતિઓનો સીધો અનુભવ પૂરો પાડશે, અને શૈક્ષણિક માર્ગદર્શન આપી તાલીમ પણ પૂરી પાડશે. આમ આ એમઓયુ ગુજરાતના સહકારી આંદોલનને વધુ મજબૂત બનાવવામાં નિર્ણાયક સાબિત થશે."

શ્રી પ્રગ્નેશભાઈ શાહે આ જોડાણ અંગે સકારાત્મકતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે, "આ MoU દ્વારા, અમે અમારા ટેકનિકલ અને સંશોધન સંસાધનોને સહકારી ક્ષેત્રના વિશાળ નેટવર્ક સાથે જોડી શકીશું. આનાથી ગ્રામીણ અને ઉદ્યોગલક્ષી કૌશલ્ય વિકાસને નવી દિશા મળશે અને ગુજરાતના યુવાનોને ફાયદો થશે."

**ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમ :**

આ એમ.ઓ.યુ.ના અનુસંધાનમાં ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા તારીખ ૨૭મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ જુનિયર કો-ઓપરેટિવ ટ્રેનિંગ સેન્ટર, અમદાવાદ ખાતે ક્ષમતા નિર્માણ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સહકારી મંડળીઓ સાથે જોડાયેલા 40થી વધુ મહિલાઓને કૌશલ્ય વિકાસ તાલીમ આપવામાં આવી હતી. જેમાં JCTC, અમદાવાદના પ્રિન્સિપાલ શ્રી

અનુસંધાન પાના નંબર : 2

### પોર્ટુગલના ટૉરેસ વેદ્રાસમાં ગ્લોબલ ઈનોવેશન કૂપ સમિટ યોજાયું

# સહકારી સંસ્થાઓ આધુનિક યુગની "સૌથી મોટી સામાજિક નવીનતા'

ટૉરેસ વેદ્રાસ, પોર્ટુગલ : ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA) અને કૈક્સા એગ્રિકોલા (Caixa Agricola)ના સહયોગથી 27-28 ઑક્ટોબર, 2025ના રોજ પોર્ટુગલના ટૉરેસ વેદ્રાસ ખાતે ગ્લોબલ ઈનોવેશન કૂપ સમિટ (Global Innovation Coop Summit) યોજવામાં આવી હતી. જેમાં 24 દેશોના લગભગ 350 સહકારી કાર્યકરો, નેતાઓ, શિક્ષણવિદો અને સંશોધકોએ ભાગ લીધો હતો. આ સમિટમાં સહકારી સંસ્થાઓ વૈશ્વિક પડકારોનો કેવી રીતે સામનો કરી રહી છે અને કેવી રીતે નવીનતા લાવી રહી છે, તે બાબત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. સમિટમાં પોર્ટુગલના વિદેશ મંત્રી, શ્રી પાઉલો રેન્ગલે સહકારી સંસ્થાઓના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું, "ભલે સહકારી સંસ્થાઓ નવી ન હોય, પણ તે સામાજિક નવીનતાનું સૌથી અદ્યતન સ્વરૂપ છે."

ICA ના પ્રમુખ, ડૉ. એરિયલ ગુઆર્કોએ



વીડિયો સંદેશ દ્વારા સંબોધન કરી સહકારી સંસ્થાઓને "આધુનિક યુગની સૌથી મોટી સામાજિક નવીનતા" ગણાવી હતી અને તમામ ક્ષેત્રોને વૈશ્વિક પડકારોનો સંયુક્ત રીતે સામનો કરવા માટે પરસ્પર સહકાર (Intercooperation) વધુ ગાઢ બનાવવા માટે આવાહન કર્યું હતું.

આ સમિટમાં સહકારી સંસ્થાઓ દ્વારા વૈશ્વિક સમસ્યાઓનો સામનો કરવા માટે ત્રણ મુખ્ય બાબતો પર ચર્ચા કરવામાં આવી: 1. વ્યક્તિઓ અને સમુદાયોને કાર્ય કરવા માટે સશક્ત બનાવવા. 2. પારદર્શિતા અને જવાબદારી દ્વારા વિશ્વાસનું નિર્માણ કરવું. અને 3. સમાવેશી, લાંબા ગાળાના પ્રણાલીગત પરિવર્તનનું સહ-નિર્માણ કરવું.

### ક્ષમતા નિર્માણ અને નીતિ અમલીકરણ પર ભાર મૂકવા

# NCDC, NFDB અને મત્સ્યોદ્યોગ વિભાગ દ્વારા મત્સ્યોદ્યોગ સહકારી ફેડરેશનો માટે રાષ્ટ્રીય ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો

નવી દિલ્હી : ભારતના મત્સ્યોદ્યોગ ક્ષેત્રમાં સહકારી મંડળીઓની ભૂમિકાને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે, નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC), નેશનલ ફિશરીઝ ડેવલપમેન્ટ બોર્ડ (NFDB) અને ભારત સરકારના મત્સ્યોદ્યોગ વિભાગના સંયુક્ત ઉપક્રમે એક દિવસીય રાષ્ટ્રીય જોડાણ અને ઓરિએન્ટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 26 મત્સ્યોદ્યોગ સહકારી ફેડરેશનોના પ્રતિનિધિઓ, ઉદ્યોગ નિષ્ણાતો અને વરિષ્ઠ સરકારી અધિકારીઓ એક મંચ પર એકઠા થયા હતા. NCDCના મેનેજિંગ ડિરેક્ટરશ્રી પંકજ બંસલના નેતૃત્વમાં સ્પર્ધાત્મક બજારમાં મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની ભૂમિકાને મજબૂત બનાવવા માટે વ્યૂહાત્મક પહેલ, નીતિગત હસ્તક્ષેપો અને ક્ષમતા નિર્માણના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં NFDBના CEO ડૉ. વિજય કુમાર બેહેરા, મત્સ્યઉદ્યોગ વિભાગના સંયુક્ત સચિવ (દરિયાઈ



મત્સ્ય ઉદ્યોગ) શ્રીમતી નીતુકુમારી પ્રસાદ અને NFDB, NCDC અને મત્સ્ય ઉદ્યોગ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મત્સ્ય ઉદ્યોગ વિકાસના વિવિધ પાસાઓને આવરી લેતા ટેકનિકલ સત્રો અને પ્રેઝન્ટેશન પણ કરવામાં આવ્યા હતા. જેમાં નીતિ જાગૃતિ, ક્ષમતા નિર્માણ અને નિકાસ તકોને પ્રોત્સાહન આપવું, મત્સ્ય ઉદ્યોગ સહકારી મંડળીઓને ભારતના વધતા દરિયાઈ અર્થતંત્રમાં મજબૂત ભૂમિકા ભજવવા, સ્થાનિક અને વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મકતા, સ્થિતિસ્થાપકતા અને ટકાઉ વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે સશક્ત બનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ખાંડનું ઉત્પાદન 18.6 ટકા : ચાલુ સિઝનમાં 19 ટકા વધીને 3.09 કરોડ ટનઃ ISMA

### ઈથેનોલ માટે ખાંડનો 34 લાખ ટન જથ્થો ડાઈવર્ટ કરાયો

નવી દિલ્હી : દેશમાં ખાંડનું ઉત્પાદન ચાલુ માર્કેટિંગ વર્ષમાં 18.6 ટકા વધીને 3.09 કરોડ ટન થયું હતું, જે અગાઉના વર્ષે 2.61 કરોડ ટન હતું. ઈન્ડિયન સુગર એન્ડ બાયોએનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA)એ આ ડેટા જાહેર કર્યા હતા.

ચાલુ વર્ષે ઓપનિંગ સ્ટોક 50 લાખ ટન રહ્યો છે જ્યારે ઈથેનોલ માટે ખાંડનો 34 લાખ ટન જથ્થો ડાઈવર્ટ કરાયો છે. કુલ ખાંડનો જથ્થો 3.59 કરોડ ટન ઉપલબ્ધ છે, જે સ્થાનિક 2.85 કરોડ ટનના વપરાશ કરતાં વધારે છે.

મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, કર્ણાટકમાં ખાંડનું ઉત્પાદન વધ્યું હોવાનો અંદાજ છે. મહારાષ્ટ્રમાં 1.3 કરોડ ટન, ઉત્તર પ્રદેશમાં 1.03 કરોડ ટન અને કર્ણાટકમાં 63.5



લાખ ટન થયું હોવાનો અંદાજ છે. ખાંડનો પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાથી ચાલુ સિઝનમાં 20 લાખ ટન ખાંડની નિકાસ આરામથી થઈ શકે તેમ છે.

પાક વર્ષ 2024-25 (જુલાઈ-જૂન)માં 57.35 લાખ હેક્ટરમાં શેરડીનું વાવેતર થયું હોવાનો અંદાજ છે. મહારાષ્ટ્રમાં શેરડીનું વાવેતર 13.8 લાખ હેક્ટરથી વધીને 14.7 લાખ હેક્ટર થયું છે જ્યારે કર્ણાટકમાં 6.40 લાખ હેક્ટરથી વધીને 6.80 લાખ હેક્ટર થયું હોવાનો અંદાજ છે.

ઉત્તર પ્રદેશમાં શેરડીનું વાવેતર 3 ટકા જેટલું ઘટીને 22.57 લાખ હેક્ટરમાં થયું હોવાનો અંદાજ છે,

આ વર્ષે શેરડીના પાકની સ્થિતિ ગત સિઝન કરતાં સારી છે. વાવેતર પણ વધ્યું છે અને પાણી પણ સારા પ્રમાણમાં ઉપલબ્ધ થયું છે. તેને કારણે ખાંડનું ઉત્પાદન વધવાનો અંદાજ છે.

Publisher, Printer & Editor : Dr. Rajendra C. Trivedi, Owner : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Published From : Gujarat State Cooperative Union, 'SAHYOG', Relief Road, Ahmedabad-380001 Printed at : Bhaskar Printing Press, Survey No. 148-P, Near Naagdevta Temple, Changodar-Bavla Highway, Ta. Sanand, Dist. Ahmedabad, Gujarat.
SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 Published on 20-12-2025